### કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં વિવિધ પ્રશ્ને હોબાળો કરવાનો સિલસિલો શરૂ થયો : તલાવડી બાદ લારી ધારકોએ રજૂઆત કરી

# આણંદમાં ફ્રુટની લારી સાથે વેપારીઓ મનપામાં પહોંચ્યાં

**વૈકલ્પિક વ્યવસ્થા માટે આપેલો પ્લોટ માન્ય ન હોવાની રજૂઆત કરતા સામસામે દલીલો થઇ**





(પ્રતિનિધિ) આણંદ તા.19

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિકને નડતા લારી - ગલ્લા હટાવવાની ઝુંબેશ ચાલી રહી છે. જે અંતર્ગત શહેરના મુખ્ય બજાર વિસ્તાર અને શાકમાર્કેટ બહાર ઊભા રહેતા ફ્રુટના લારી ધારકોને હટાવવામાં આવ્યાં હતાં. આ લોકો શુક્રવારના રોજ ફ્રુટની લારી સાથે મહાનગરપાલિકાની કચેરીએ પહોંચી ગયાં હતાં અને ઉગ્ર રજુઆત કરી હતી. આ રજુઆતમાં તેઓએ મનપાએ આપેલી વૈકલ્પિક વ્યવસ્થા માન્ય ન હોવાનું જણાવ્યું હતું. જોકે, ડેપ્યુટી કમિશનરે થોડા દિવસ માટે વૈકલ્પિક વ્યવસ્થા પર ધંધો કરવા સુચન કર્યું હતું. આ મામલે ભારે રકઝક ચાલી હતી.

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં સરકારી જમીન ઉપરાંત ટ્રાફિકને નડતા લારી - ગલ્લા હટાવવામાં આવ્યાં છે. જોકે, આ મુદ્દે અસરકર્તાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેમાંય થોડા દિવસ પહેલા ગટર પ્રશ્ને હોબાળો થયા બાદ, ચાલુ સપ્તાહે તલાવડીના રહિશો દ્વારા બે વખત હલ્લાબોલ કરવામાં આવ્યું હતું. હવે, શહેરના ફ્રુટની લારીવાળાએ આંદોલાત્મક કાર્યક્રમ શરૂ કર્યા હોય તેમ શુક્રવારે ફ્રુટની લારી સાથે મહાનગરપાલિકાની કચેરીએ પહોંચી ગયાં હતાં અને ઉગ્ર રજુઆત કરી હતી. જોકે, ડેપ્યુટી કમિશનરે તેમને વૈકલ્પિક જગ્યાએ લારી ઊભી રાખવા સુચન કર્યું હતું. પરંતુ આ જગ્યા પર કોઇ ધંધો નહીં થાય તેવી દલીલ લારી ધારકોએ કરી હતી. રજૂઆતકર્તા અને અધિકારી વચ્ચે લાંબી રકઝક બાદ વૈકલ્પિક વ્યવસ્થા માટે ફાળવેલા પ્લોટ પર થોડા દિવસ માટે ધંધો કરવા સહમત થયાં હતાં. જેમાં દસેક દિવસમાં કોઇ યોગ્ય પરિણામ નહીં આવે તો ફરી જે તે સ્થળે લારી ધારકોને ઉભા રહી જશે. તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી.

આ અંગે સામાજિક કાર્યકર તૌસીફ હાફીજીએ જણાવ્યું હતું કે, કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરીમાં અન્યાય કરી રહી છે. ટાઉનહોલ, વહેરાઈ માતા સહિતના બજારો પર કોઇ દબાણ હટાવવામાં આવી રહ્યું નથી. આ ઉપરાંત શાક માર્કેટમાં પણ ફળ વેચાઇ રહ્યા છે. તેની સામે પગલાં ભરવા માગણી કરી હતી. જોકે, હાલ ફ્રુટના લારી ધારકો સોમવારથી વૈકલ્પિક વ્યવસ્થા વાળા પ્લોટ પર લારી ઉભી રાખવા સહમત થયાં છે. જે અંગે બે દિવસની મહેતલ આપી છે. આ બે દિવસમાં મહાનગરપાલિકા દ્વારા સફાઇ સહિતની કામગીરી કરશે.

### ટ્રાફિકને અડચણરૂપ લારીઓ જપ્ત કરાશે

મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ફ્રુટની લારીઓવાળા તેઓને જગ્યા ફાળવણી કરી હોવા છતાં તે જગ્યા ઉપર ફ્રૂટની લારીઓ ઉભી ન રાખતા જાહેર રસ્તાઓ ઉપર લારીઓ ઉભી રાખે છે. જે નિયમ વિરુદ્ધ હોય, ટ્રાફિકને અડચણરૂપ હોય મહાનગરપાલિકા દ્વારા આવી લારીઓ જપ્ત કરવામાં આવે છે. જે માટે લારીઓ વાળા મહાનગરપાલિકા ખાતે રજૂઆત કરવા આવ્યા હતા. જે રજૂઆત મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા સંપૂર્ણ રીતે નકારવામાં આવી છે અને મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ઉભા રહેતા લારીઓ વાળાએ તેઓને ફાળવવામાં આવેલી જગ્યાઓ ઉપર જ લારીઓ ઉભી રાખવા માટે જણાવ્યું છે.

### ડો. અજય કોઠીયાલાની હોસ્પિટલ પાસે વેન્ડિંગ ઝોન ફાળવવામાં આવ્યો

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનરની સૂચના અને માર્ગદર્શન મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં અને ખાસ કરીને અમુલ ડેરી રોડ, તુલસી સિનેમા ચાર રસ્તા, મોટી શાકમાર્કેટ અને સ્ટેશન રોડ ઉપર ફ્રુટની લારીઓ લઈને ઊભા રહેતા લોકો માટે ડોક્ટર અજય કોઠીયાલાના દવાખાનાની પાછળ વેન્ડિંગ ઝોન બનાવવામાં આવ્યો છે. ત્યાં ફ્રુટ ની લારીઓ 100 કરતા વધારે ઊભી રહે તેવી જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત તે જગ્યા ઉપર પાયાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે.

## કપડવંજમાં સ્મોકીંગ કોન ને ગોગો પેપર્સ સાથે 1 પકડાયો

**નડિયાદ રોડ પર આવેલા મનપસંદ પાન પાર્લરમાં પોલીસે દરોડા પાડ્યા**



(પ્રતિનિધિ) કપડવંજ તા.19

રાજ્ય સરકાર દ્વારા યુવાધનને નશાની લતથી બચાવવા માટે રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત કપડવંજ ટાઉન પોલીસે સતર્કતા દાખવી પ્રતિબંધિત ચીજવસ્તુઓના વેચાણ પર સપાટો બોલાવ્યો છે.

કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જનકસિંહ દેવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડ પેટ્રોલિંગમાં હતી.તે દરમિયાન નડિયાદ રોડ પર આવેલા ક્રિશીવ પ્લાઝા કોમ્પ્લેક્ષની 'મનપસંદ પાન પાર્લર' નામની દુકાનમાં તપાસ કરતા પોલીસને પ્રતિબંધિત જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અંદાજે 200 રૂપિયાની કિંમતના 80 નંગ રોલિંગ સ્ટીક અને 80 નંગ ગોગો પેપર્સ જપ્ત કર્યા છે. આ અંગે પોલીસે રાકેશકુમાર ઘનશ્યામભાઈ દવે (રહે. કુંડવાવ બજાર, કપડવંજ) ની ધરપકડ જાહેરનામાં ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

## ઉમરેઠમાં રોડ પર દબાણથી રોંગ સાઈડે દોડતાં વાહનો : કાર કાંસમાં પલટી ગઈ

**રોંગ સાઇડ પર વાહનો સામે આવતા પરિવાર કાર સાથે કાંસમાં ખાબકી**



તસવીરઃ ધનંજય શુકલ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.19

ઉમરેઠના માર્કેટ યાર્ડથી હાઈવે તરફ જવાના રસ્તા પર દબાણોના ખડકલાથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. આ દબાણો એટલા વધી ગયા છે, વાહન ચાલકોને નછુટકે રોંગસાઈડે દોડવું છે અને શુક્રવારના રોજ આવી જ એક કારને અકસ્માત નડ્યો હતો અને તે કાંસમાં ખાબકી હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નહતી.

ઉમરેઠ માર્કેટ યાર્ડથી હાઇવે તરફ જવાનાં રોડ પર છેલ્લા લાંબા સમયથી એક તરફ ગેરકાયદેસર દબાણો વધી રહ્યા છે. આ ઉપરાંત દબાણ તરફના રોડ પર રોજે રોજ ગંદકી થતી જોવા મળી રહી છે. જેના કારણે હાઈવેથી માર્કેટ યાર્ડ તરફ આવવાના નવીન રોડ પર અસંખ્ય ગાબડા પડી ગયા છે. એક તરફના રોડની ખરાબ પરિસ્થિતિને કારણે બંને તરફના વાહનો એક જ તરફના રોડનો ઉપયોગ કરી રહ્યા છે.

આ રોડ પર મોટા ગાબડા પડતા એક તરફનો વાહનવ્યવહાર સદંતર બંધ કરી દેવો પડ્યો હોય તેવામાં આ રોડ પર દૈનિક હેવી ટ્રાફિક જોવા મળી રહ્યો છે. હાલ માત્ર એક જ સાઈડથી વાહનોની અવર જવર ચાલુ હોવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેવામાં એક તરફના રોડ પર ગાબડાને કારણે સામેથી રોંગ સાઈડ પર વાહનો આવતા કાર ચાલકે નિયંત્રણ ગુમાવતા સીધી બાજુમાં આવેલી કાંસમાં ઉતરી ગઈ હતી. આ કારમાં 3થી 4 વ્યક્તિઓ સવાર હતા. આ ગાડી કાંસમાં ખાબકતા થયેલા અવાજને પગલે આસપાસના લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં મોટી જાનહાની ટળી છે. આ કારમાં સવાર મુસાફરો પૈકી એક વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ અકસ્માતના પગલે આ રોડ પરના દબાણો ફરી ચર્ચાનો વિષય બન્યાં હતાં.

## આણંદમાં ઠેરઠેર પકડાઇ રહી છે નશાની હાટડીઓ!

(પ્રતિનિધિ) આણંદ, તા.19

આણંદ પંથકમાં ગોગોપેપરનો નશાકારક વેપલો ફુલ્યો ફાલ્યો છે.શહેરની ગલિયારીઓમાં નશાની હાટડીઓ દિન પ્રતિદીન પકડાઈ રહી છે.

આણંદ લક્ષ સર્કલ પાસે આવેલ શીલ્પ કોમ્પ્લેક્ષની ગંજાનંદ કોર્પોરેશન નામની દુકાન પર ગોગોપેપર વેચાણનું ગુનાહિત કૃત્ય પકડાયુ હતુ..જેમા દુકાનમાંથી ગોગોપેપર સ્ટ્રીપ તથા કોન53 કિમંત રૂ.530 નો નશાકીય માલસામાન પકડાયો હતો.જે અંગે પોલીસે જગદીશ અંબાલાલા પંચાલ (રહે.આણંદ) ને ઝબ્બે કર્યો હતો. આણંદ ટુકી ગલી સામે બોમ્બે પાન નામની દુકાનમાંથી પણ ગોગોસ્ટ્રીપ 94 રૂ. 1090નો નશાકીય માલસામાન સાથે અશરફા ગુલામરસુલ વ્હોરા (રહે.આણંદ) ને દબોચી લેવાયો હતો.આ તરફ વાસદ ચોકડી પરના માગલિક પાન કોર્નરમાંથી પણ ગોગો પેપર સ્ટ્રીપ તથા કોન 504 કિંમત રૂ. 5040-નો નશાનો કારોબાર પકડાયો હતો.જે અન્વયે વિપુલકુમાર ચિમનભાઈ પટેલ (રહે.બોરસદ)ને દબોચી લેવાયો હતો.આણંદ પેટલાદની ઝંડા બજારમાં આવેલ ઉર્વેશ પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં પણ દુકાનદાર જુબેરઅલી સબ્બીરઅલી સૈયદ (રહે.પેટલાદ) ઝડપાયો હતો.જેમાં ગોગો પેપર સ્ટ્રીપ 5 સાથે રૂ.75નો નશાકીય માલસામાન મળી આવ્યો હતો. આણંદ વડોદના નવરંગ પાન સેન્ટરમાંથી પણ ગોગો પેપર સ્ટ્રીપ તથા કોન કુલ નંગ.54 કિમંત રૂ.540ની નશાખોરી પકડાઇ હતી. આ અંગે કૌશિક હસમુખભાઇ પટેલ (રહે,વડોદ) સામે કાયદેસર ફરીયાદ નોંધાઇ હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કોઠંબા કુમાર પ્રાથમિક શાળામાં ત્રિ- દિવસીય શારીરિક શિક્ષણની તાલીમ યોજાઈ




**લુણાવાડા |** કોઠંબા કુમાર પ્રાથમિક શાળામાં ત્રિ-દિવસીય શારીરિક શિક્ષણની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં મુખ્ય ત્રણ તજજ્ઞ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં લુણાવાડાના થાણાસાવલી ક્લસ્ટરની થાણાસાવલી પગારકેન્દ્ર પ્રાથમિક શાળાના શિક્ષક અને મધવાસ ગામના વતની એવા નિરવકુમાર કનૈયાલાલ પંચાલે યોગા, શારીરિક શિક્ષણ, આનંદદાયી શનિવારની વિવિધ પ્રવૃત્તિઓ પોતાની આગવી અને અનોખી શૈલીમાં પ્રવાહી અને રસમય રીતે વિવિધ ઉદાહરણ સાથે ગુણવત્તાસભર અને અસરકારક રીતે તાલીમ આપી હતી.

### ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં બોટલ્સ ફોર ચેન્જ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા બિસલેરી ઇન્ટરનેશનલ પ્રા. લિ. (CSR)ના 'બોટલ્સ ફોર ચેન્જ' કાર્યક્રમ સાથે મહત્વપૂર્ણ સહયોગ કરાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્લાસ્ટિક કચરાના યોગ્ય સંચાલન, રિસાયક્લિંગ તથા પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ સહયોગ અંતર્ગત શાળા કેમ્પસમાં પ્લાસ્ટિકના સ્ત્રોતનું વિભાજન, પ્લાસ્ટિક કલેક્શન ડ્રાઈવ તેમજ ઝીરો પ્લાસ્ટિક વેસ્ટ ટુ લેન્ડફિલ અભિયાન અમલમાં મૂકવામાં આવશે. ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા બિસલેરી ને રિસાયક્લિંગ માટે મોકલવામાં આવશે. ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કેતનભાઈ ડી. પટેલે કાર્યક્રમની પ્રશંસા કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાકરોલની સ્પેકમાં મહેંદી અને આરતી થાળી ડેકોરેશન સ્પર્ધા યોજાઇ



**આણંદ |** બાકરોલ સ્થિત તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ની સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (એમબીએ) ખાતે વિદ્યાર્થીનીઓ વચ્ચે મહેંદી અને આરતી થાળી ડેકોરેશન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ડીરેક્ટર ડો. વિશાલ પાટીદાર, એચઓડી પ્રો. નૈતિક રામી અને પ્રો. શર્લિન રાઠોડના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ સ્પર્ધામાં મહેંદી વિભાગમાં દિવાન આશિયાના મહેમુદશાહ પ્રથમ, ધ્વનિ પટેલ દ્વિતીય અને ધરતી સોલંકી તૃતીય ક્રમે રહ્યા હતા, જ્યારે આરતી થાળી ડેકોરેશનમાં વિશાખા ભવનાની પ્રથમ, ખુશી પટેલ દ્વિતીય અને મૈત્રી ગોસાઈએ તૃતીય સ્થાન મેળવ્યું હતું.

### આણંદની ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ખાતે વ્યાખ્યાન યોજાયું



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે સોફ્ટ સ્કીલ વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉત્કર્ષ ઉપાધ્યાય કોર્પોરેટ ટ્રેનર ઈન ફાઇનાન્સ એન્ડ સોફ્ટ સ્કીલ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આજના આધુનિક યુગમાં સોફ્ટ સ્કીલનું શું મહત્વ છે ? તે વિશે માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કાર્યકારી આચાર્ય ડો. નીરવ મહેતાના માર્ગદર્શન હેઠળ ડો. રાકેશભાઈ ભોઈ તથા પ્રા.બેનીતા ઓવેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આણંદ કૃષિ યુનિવર્સિટીએ 'સૂર્ય ઊર્જાની ખેતીમાં ઉપયોગિતા' પર ખેડૂતોને તાલીમ આપી



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરાના રિન્યુએબલ એનર્જી એન્જિનિયરિંગ વિભાગ અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદના સંયુક્ત ઉપક્રમે 'સૂર્ય ઊર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ' વિષય પર એકદિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિભાગીય વડા ડો. ડી. કે. વ્યાસે ખેડૂતોને સૂર્ય ઊર્જા અને બાયોગેસ ટેક્નોલોજી દ્વારા આવક વધારવા તેમજ સિંચાઈ અને નાના ઉદ્યોગોમાં તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### વિદ્યાનગરની આઈબીપટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં રાઈફલ .22ની તાલીમ યોજાઈ



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈબી પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં એનસીસી (એરવીંગ) દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન એનસીસી યુનિટના ઓફિસર સત્યેન્દ્રસિંહ સહિત અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની ઉપયોગી અને પ્રેરણાદાયી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને રાઇફલ.22 વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ પ્રકારના વિમાન અંગે માહિતગાર કરાયાં હતાં. આ કાર્યક્રમનું સફળ આયોજન શાળાના NCC ANO જી.જી. વાલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

### આજણવા ગામે 'બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત મહિલા જાગૃતિ સેમીનાર યોજાયો



**લુણાવાડા |** ગોધર તાલુકાના અંતરિયાળ આજણવા ગામે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત મહિલા જાગૃતિ સેમીનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામીણ મહિલાઓને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, જાતિગત સંવેદનશીલતા અને સામાજિક સમાનતા જેવા ગંભીર વિષયો પર નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી સરકારી યોજનાઓ વિશે માહિતગાર કરી ઉપસ્થિતોને IEC સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રવીન્દ્રસિંહ (સ્પીપા ટ્રેનર) સહિત વિવિધ વિભાગના મહાનુભાવો અને સ્ટાફ મિત્રો હાજર રહ્યાં હતાં.

### શ્યામ ધની ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આઈપીઓ 22મીથી ખુલશે, 38.49 કરોડનો લક્ષ્યાંક

**વડોદરા |** 'શ્યામ' બ્રાન્ડ હેઠળ મસાલાનું ઉત્પાદન અને પ્રોસેસિંગ કરતી શ્યામ ધની ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ તેનો 38.49 કરોડનો IPO 22 ડિસેમ્બર, 2025 ના રોજ લાવશે. NSE ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટ થનારી આ કંપનીએ પ્રતિ શેર 65થી 70નો પ્રાઇઝ બેન્ડ અને 2,000 શેરની લોટ સાઇઝ નક્કી કરી છે, જે રોકાણકારો માટે 24 ડિસેમ્બર સુધી ખુલ્લો રહેશે. આ IPO દ્વારા એકત્રિત કરવામાં આવેલી રકમનો ઉપયોગ કંપની વર્કિંગ કેપિટલ, દેવાની ચુકવણી, નવી આધુનિક મશીનરીની ખરીદી, સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના અને માર્કેટિંગ પ્રવૃત્તિઓ માટે કરશે. હોલાની કન્સલ્ટન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ આ ઇશ્યુના બુક રનિંગ લીડ મેનેજર છે, અને આ મૂડી કંપનીના ભવિષ્યના વિકાસ અને ક્ષમતાવર્ધન માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

### ભાયલી સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલ્સ દ્વારા ગુજરાતની પહેલી પબ્લિક ટ્યુમર બોર્ડ હેલ્પલાઇન શરૂ કરાઇ




**વડોદરા |** વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ભાયલી દ્વારા કેન્સરના દર્દીઓ માટે ગુજરાતની પ્રથમ 'પબ્લિક ટ્યુમર બોર્ડ હેલ્પલાઇન' (6357 105 105) શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યભરના દર્દીઓને નિષ્ણાતો આધારિત અને પારદર્શક સારવારનો અભિપ્રાય સુલભ બનાવવાનો છે. આ ટ્યુમર બોર્ડમાં મેડિકલ, સર્જિકલ, રેડિયેશન ઓન્કોલોજી અને રેડિયોલોજી સહિત કુલ 15 વરિષ્ઠ કેન્સર નિષ્ણાતો સામેલ છે. આ અંગે હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર સંતોષ મારાઠે અને ફેસિલિટી ડિરેક્ટર ડો. અંસિફ એબ્રાહમે આ પહેલને પેશન્ટ-સેન્ટ્રિક અભિગમ ગણાવતા ઉમેર્યું હતું કે, આ હેલ્પલાઇન વડોદરા સહિત સમગ્ર રાજ્યના દર્દીઓ, કેર ગિવર્સ અને રેફરિંગ ડોક્ટરો માટે ખુલ્લી છે, જ્યાં ઓન્કોલોજી ટીમ દ્વારા કેસની વિગતોની સમીક્ષા કરીને યોગ્ય સારવાર માર્ગ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

### લુણાવાડાના ચાવડીયા ગામે પ્રાથમિક શાળાના નવા વર્ગખંડનું ખાતમુહૂર્ત સંપન્ન



**લુણાવાડા |** લુણાવાડામાં આવેલી ચાવડીયા ગામની પ્રાથમિક શાળામાં (ચાવડીયા પ્રાથમિક શાળા) નવા વર્ગખંડના નિર્માણ માટે ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓને વધુ સારી અને સુવિધાયુક્ત શિક્ષણ વ્યવસ્થા મળી રહે તે હેતુથી આ વર્ગખંડનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપરાંત શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ, ગામના સરપંચ, જિલ્લા - તાલુકા પંચાયત સહિત હાજર રહ્યાં હતાં. આ ખાતમુહૂર્ત કરી નવા વર્ગખંડના નિર્માણ માટે શુભારંભ કરાવ્યો હતો.

### એડમેક સિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ 23થી ખુલશે, 42.60 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય

**વડોદરા |** વડોદરા સ્થિત એડમેક સિસ્ટમ્સ લિમિટેડ પોતાનો 42.60 કરોડનો આઈપીઓ (IPO) આગામી 23 ડિસેમ્બરથી લોન્ચ કરવા જઈ રહી છે, જે 26 ડિસેમ્બર, 2025 સુધી રોકાણકારો માટે ખુલ્લો રહેશે. કસ્ટમ ઇન્ડસ્ટ્રિયલ મશીનરી અને ઓટોમેશન સોલ્યુશન્સ ક્ષેત્રે સક્રિય આ કંપનીએ પ્રતિ શેર 227 થી 239નો પ્રાઇઝ બેન્ડ અને 600 ઇક્વિટી શેરની લોટ સાઇઝ નક્કી કરી છે. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટિંગના ઉદ્દેશ્ય સાથે લાવવામાં આવેલા આ ઇશ્યુ દ્વારા પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ નવી મશીનરીની ખરીદી, ઇન્સ્ટોલેશન અને કાર્યકારી મૂડી જેવી જરૂરિયાતો માટે કરવામાં આવશે,. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજય ચમનલાલ લોંગાણીના જણાવ્યા અનુસાર, આ આઈપીઓ વધતી ઓટોમેશન માંગને પહોંચી વળવા અને કંપનીની ભાવિ વૃદ્ધિ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.